પત્રક્રમાંક:૫૯૮/૩૧૮૦/૭૩૦/આર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ: 11 JUN 2001.

પ્રતિ,
જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા પંચાયત,અમદાવાદ.

વિષય:રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરાવવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તા:૨૫/૧૧/૨૦૦૦ ના પત્રક્રમાંક:પચત/વશી/૨૯/૧૧/૨૦૦૦ અન્વયે જણાવવાનું કે સામાન્ય વહીવટ વિભાગના તા:૫/૯/૨૦૦૦ નાઠરાવથી અનુસુચિત જનજાતિ માટે રાજ્ય કક્ષાની ટકાવારી ૧૪% છે તેમાં ૧% નો વધારો કરવામાં આવતાં ૧૫% પ્રમાણે અમલ કરવાનો રહે છે.જ્યારે અનુસુચિત જનજાતિની ટકાવારીમાં જિલ્લા કક્ષાએ કોઈ વધારો કરવામાં આવેલ નથી.એટલે કે,સામાન્ય વહિવટ વિભાગના તા:૨૧/૧/૮૬ અને તા:૩૦/૯/૯૪ ના ઠરાવથી નિયત થયેલ ટકાવારી હાલ પ્રવર્તમાન રહે છે. આથી સામાન્ય વહીવટ વિભાગના તા:૮/૩/૯૯ ના ઠરાવથી નકકી થયેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ જિલ્લા કક્ષાની નિયત થયેલ અનામતની ટકાવારી અનુસાર નવેસરથી રોસ્ટર રજીસ્ટરો બનાવી તે અત્રે પ્રમાણિત કરાવ્યા બાદ સીધી ભરતી કે બઢતીથી જગાઓ ભરવાની રહે.

૨. જીલ્લા કક્ષાએ ૧૪ કરતાં ઓછી જગ્યાઓ હોય ત્યાં પણ ઉકત જીલ્લા કક્ષાની ટકાવારી ધ્યાને લઈને ૧૪ ના સંખ્યાબળ મુજબ રોસ્ટર રજીસ્ટરો જીલ્લા કક્ષાએ તૈયાર કરવાના રહે છે.

૩. શારીરિક ખોડખાંપણ વર્ગ માટે સામાન્ય વહિવટ વિભાગના તા:૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાથી ૩% જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરવામાં આવી છે તે જિલ્લા કક્ષાની જગ્યાઓને પણ લાગુ પડે છે. તા:૧૯/૨/૨૦૦૦ ના જાહેરનામાની જોગવાઈ મુજબ આઈડેન્ટીફાય કરેલ જગ્યાઓને તે લાગુ પાડવાનું રહે.આ જગ્યા "આઈડેન્ટીફાય"કરવાની કાર્યવાહી પુરી થયા બાદ રોસ્ટર ક્રમાંકમાં ફેરફાર કરવાના હુકમો કરવામાં આવશે.

આપનો વિશ્વાસુ,

(એસ.જે.રાઠોડ)
ખાસ ફરજ પરના અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

<u>નકલ રવાના:</u> સર્વે નાયબસચિવશ્રી અને રોસ્ટર સંપર્ક અધિકારી, સચિવાલય , ગાંધીનગર.
ઉપસચિવશ્રી (સ.સુ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
સામાન્ય વહીવટ વિભાગ ( ગ, ૪ અને ગ, ૨ શાખા) સચિવાલય ગાંધીનગર.
સીલેકટ ફાઈલ.